## મોડાસા શહેર ભાજપ દ્વારા સ્વ. પંડિત દિનદયાલજીના નિર્વાણ દિને પુષ્પાંજલી કરાઈ



મોડાસા ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા જિલ્લા કાર્યાલય ખાતે સ્વ. પંડિત દિનદયાલજીના નિર્વાણ દિન ઉપક્રમે શહેરના હોદ્દેદારોએ એકઠા થઈ તેમને પુષ્પાંજલી અર્પી હતી. મોડાસા શહેર ભાજપ દ્વારા સ્વ. પંડિત દિનદયાળજીને પુષ્પાંજલી અરવલ્લી જિલ્લા મહામંત્રી ધીરેનભાઈ પ્રજાપતિ, નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ, શહેર મહામંત્રી અશોક પટેલ, મોડાસા શહેર મંત્રી પ્રવિણ પરમાર, ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ શાહ અન્ય હોદ્દેદારો નગરપાલિકા કાઉન્સીલરો વગેરેએ ઉપસ્થિત રહી પુષ્પાંજલી અર્પી હતી. અરવલ્લી જિલ્લા મહામંત્રી ધીરેનભાઈ પ્રજાપતિએ સ્વ. પંડિત દિનદયાળજીના જીવન વિશે સૌને વિશેષ માહિતગાર કર્યા હતા. આ પુષ્પાંજલી કાર્યક્રમ બાદ મોડાસા શહેર ભાજપ દ્વારા નગરની લાયન્સ કલબ દ્વારા ચાલતી બહેરા મુંગા શાળાના ૨૫૦ બાળકોને નાસ્તા માટે બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : જય અમીન, મોડાસા)

## ખેડબ્રહ્મા ગોમતીવાળ બ્રાહ્મણ સમાજનો સમૂહ યજ્ઞોપવિત યોજાયો

ખેડબ્રહ્મા, તા.૧૧

ખેડબ્રહ્માના ગોમતીવાળ બ્રાહ્મણ પંચ તથા ગોમતીવાળ બ્રાહ્મણ પંચ તથા ગોમતીવાળ બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા તાજેતરમાં ૨૧મો સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહનું અચલેશ્વર મહાદેવ મંદિર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા હતા. શાસ્ત્રી ઋતુલકુમારે યજ્ઞોપવિત સંસ્કાર વિધિ સંપન્ન કરાવી હતી. યુવક મંડળના પ્રમુખ કીરણકુમાર જોષી, મંત્રી ઉપેન્દ્રકુમાર ત્રિવેદી તથા અચલેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અશ્વિનભાઈ જોષી, કીર્તીકુમાર જોષી તથા અરવિંદભાઈ શાસ્ત્રી સહીત મંડળના સભ્યોએ સમારોહને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## કમિશનર થારા ત્રીજીથી ટોકિયોની મુલાકાતે જશે

અમદાવાદ મ્યુનિસિપલ. કોર્પોરેશનનો ઓકટોમ્બર ૨૦૧૪માં હોદ્દો સંભાળનાર ડી.થારાનો પ્રથમ વિદેશ પ્રવાસ ગોઠવાયો છે.ડી.થારા આગામી તા. ૨ માર્ચ જાપાનના ટોકિયો જવા રવાના થશે. જાપાનના ઈન્ટરનલ અફર્સ એન્ડ કમ્યુનિકેશનના મિનિસ્ટ્રી દ્વારા ટોકિયોમાં આઈસીટી ફોર નેકસ્ટ જનરેશન આઈટીએસ ના વિષય પર વર્કશોપનું આયોજન કરાયું છે. આ વર્કશોપ આગામી તા. ૩ થી ૭ માર્ચે દરમિયાન ટોકિયો ખાતે યોજાશે.

# કાંકરેજ તાલુકામાં આવાસ યોજનામાં ભ્રષ્ટાચાર આચરાતો હોવાની ભીતિ

### એજન્ટો કહેવાતા લે ભાગુ તત્વો દ્વારા વિસ્તરણ અધિકારીની રજા પર હોવા છતાં પાટણ જઈને ડેટા બુકો પર સહીઓ લેવાઈ : નિયમિત ટીડીઓની નિમણુંક કરાઈ હોવા છતાં તેમની અવગણના





(તસવીર : આશારામ રાવલ, કાંકરેજ)

કાંકરેજ, તા.૧૧

કાંકરેજ તાલુકા પંચાયતમાં ઈન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજનામાં કેટલાક લેભાગુ તત્વો દ્વારા વિસ્તરણ અધિકારી (પંચાયત) સાથે મળીને ભ્રષ્ટાચાર આચરાઈ રહ્યો છે તેવું જાણવા મળેલ છે. આજે કાંકરેજ નિયમિત તાલુકા વિકાસ અધિકારી ફરજ પર હાજર હોવા છતાં કેટલાક ઈસમો દ્વારા રજા ભોગવી રહેલા વિસ્તરણ અધિકારી (પંચાયત)ના પાટણ મુકામે આવેલા રહેઠાણ પર જઈને ડેટાબુકોમાં સહીઓ કરાવી લેવાની બાબત પ્રકાશમાં આવતા મોટા કૌભાંડની ભીતિ સેવાઈ રહી છે. એક તરફ ઈન્દીરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજનાના ગરીબ લાભાર્થીઓના હપ્તા ચુકવવામાં જાણે છેક દિલ્હીથી મંજુરી આવાની હોય તેમ ધરમધક્કા ખવડાવવામાં આવે છે જયારે બીજી તરફ પંચાયતમાં એજન્ટો-બ્રોકરો બની લે ભાગુ તત્વો દ્વારા સરેઆમ ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. આઈઆરડીના હિસાબનીશ પૈસા લીધા વિના ચેક લખતા નથી તેવું ચર્ચાઈ રહ્યું છે. આ બધામાં ગરીબ લાભાર્થીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે ત્યારે આ બાબતે જિલ્લા સમાહર્તા કોઈ તપાસ કરશે તેવો પ્રજા સવાલ કરી રહી છે.

## આ વેલેન્ટાઈન્સ ડે પર તમારા વહાલાજનને આપો કલ્યાણ જવેલર્સના ડાયમંડની ભેટ

વેલેન્ટાઈન્સ ડે પર અનુરૂપ ભેટની તલાશ કરવી તે બહુ જ મગજમારીનું કામ બની જાય છે. સંજોગોમાં પારંપરિક રીતે ઉચ્ચ આકાંક્ષાત્મક મૂલ્ય ધરાવતા ડાયમંડ્સની શોધ કરતા હો તો કલ્યાણ જવેલર્સના ડાયમંડ્સનું ખાસ કલેકશન આસાનીથી વસાવી શકાય એમ છે, જે ખરીદદારના બજેટને અનુકૂળ બની વેલેન્ટાઈન્સ ડે માટે અનુકૂળ ભેટ બની શકે છે. ડાયમંડ્સની શ્રેણી રૂ. ૮૦૦૦?? શરૂ થાય છે, સમકાલીન ડિઝાઈનરો રોજબરોજ પહેરવા-સામાજિક સમારંભોમાં પણ ઉપયોગ કરી શકાય એવી છે. ડાયમંડની વીટી રૂ. ૮૦૦૦, ડાયમંડ પેન્ડન્ટ રૂ. ૯૬૦૦ અને ડાયમંડના એરિંગ્સ રૂ. ૧૮,૨૦૦?? શરૂ થાય છે. કલ્યાણ જવેલર્સ ઈન્ટરનેશનલ જેમોલોજિકલ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જારી સર્ટિફિકેટ પણ આપે છે, જે દરેક ખરીદી સાથે ડાયમંડ્સની ગુણવત્તાની વિશ્વાસાર્હતા આપે છે. કલ્યાણ જવેલર્સ ગ્રાહકોને એફોર્ડેબલ જવેલરીની આ શ્રેણી માટે એકસચેન્જમાં ૯૦ ટકા કેશ બેક અને એકસચેન્જમાં ૧૦૦ ટકા બાય બેક પણ ઓફર કરે છે. ડાયમંડ જવેલરી કલ્યાણ જવેલર્સના અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા ખાતેના તેના સ્ટોરમાં પણ મળશે.

# લીમડાની મા-બેટીને માર મારનાર ત્રણ વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૧

વિજયનગર તાલુકાના લીમડા ગામે મંગળવારે બપોરે ખેતરના શેઢે બકરા ચરાવવાની સામાન્ય બાબતે પિતા-પુત્ર અને માતાએ મળી મા-બેટીને માર માર્યો હતો. જે અંગે મંગળવારે ઘાયલ મહિલાએ ત્રણ વ્યકિત વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે લીમડા ગામના લલિતાબેન કાનજીભાઈ બળેવિયા મંગળવારે બપોરે સાડા ત્રણ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક બકરા ચરાવતા હતા. જે સમયે તેમના કુંટુંબીજન એવા ઉમેશ બાબુલાલ બળેવિયા દોડી આવ્યો હતો અને લલિતાબેનને તું અમારા ખેતર નજીક બકરા કેમ ચરાવે છે તેમ કહી તકરાર કરી હતી અને અપશબ્દો બોલતો હતો. જેમાં તેના પિતા બાબુભાઈ અને મા સોમીબેને પણ તકરાર કરી હતી. જેથી ઉમેશે ઉશ્કેરાઈ જઈ કુહાડીના હાથા વડે લલિતાબેનને માર માર્યો હતો. જેથી તેણીની દીકરી પુષ્પાબેન દોડી આવી હતી. જેમાં ઉમેશે પુષ્પાબેનને લાકડી મારી હતી. જેથી આ મામલે લલિતાબેને ઉમેશ બાબુલાલ બળેવિયા, તેના પિતા બાબુભાઈ અને માતા સોમીબેનની વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઉમેશ અને તેના પિતા બાબુભાઈ, માતા સોમીબેન વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માઈકા ડિજિટલ ફયુચર વિશે આંતરરાષ્ટ્રીય કમ્યુનિકેશન મેનેજમેન્ટ કોન્ફરન્સનું આયોજન કરશે

### આ વાર્ષિક સંમેલન માઈકાના અમદાવાદ કેમ્પસમાં યોજાશે

અમદાવાદ, તા. ૧૧

સ્ટ્રેટેજિક માર્કેટિંગ અને કમ્યુનિકેશન ક્ષેત્રે દેશમાં અગ્રણી સ્થાન ધરાવતી સંસ્થા માઈકા 'ડિજિટલ ફયુચર-કન્ટેન્ટ, કમ્યુનિટિ એન્ડ કમ્યુનિકેશન' વિષય પર તેની બીજી ઈન્ટરનેશનલ કમ્યુનિકેશન મેનેજમેન્ટ કોન્ફરન્સ-૨૦૧૫ (આઈસીએમસી ૨૦૧૫)નું આયોજન કરશે. ત્રણ દિવસની આ વાર્ષિક કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન યુનિવર્સિટી ઓફ રહ્‌ડોઝડ આઈલેન્ડ, યુએસએના પ્રો. રીની હોબ્સ, નેશનલ યુનિવર્સિટી સિંગાપોરના પ્રો. મોહન જે દત્તા, માઈકાના પ્રેસિડેન્ટ અને ડિરેક્ટર પ્રો. નાગેશ રાવ તથા પ્રોફેસર ટી.ટી. શ્રીકુમાર, આઈસીએમસી૨૦૧૫ કોન્ફરન્સ ચેર, માઈકાની ઉપસ્થિતિમાં ૧૯ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવશે.

આ સંમેલનમાં વિશ્વભરની યુનિવર્સિટીમાંથી પ્રબુદ્ધ વિદ્વાનો ઉપરાંત ઉદ્યોગજગતના માંધાતાઓ ભાગ લેશે. જેઓ આપણાં જીવન પર ડિજિટલ મંચની અસર અંગે પોતાના મંતવ્યો અને નિરીક્ષણો રજૂ કરશે. આ સંમેલન અંગે પોતાની પ્રકિક્રિયા આપતાં ડિરેક્ટર પ્રો. નાગેશ રાવે જણાવ્યું હતું કે વર્તમાન યુગમાં આપણું જીવન ટેલિવિઝન સ્ક્રીન્સ, મોબાઈલ ઉપકરણો અને ઈન્ટરનેટથી છવાઈ ગયું છે ત્યારે ડિજિટલ ફયુચર અંગેની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરી માઈકા અત્યંત ગર્વની લાગણી અનુભવે છે. આ સંમેલન સમકાલીન સમયમાં ડિજિટલની સામાજિક અસરો અંગેના શૈક્ષણિક સંશોધનો તથા આગામી પેઢીની કારોબારી તકો માટે આ સંશોધનોની સુસંગતતા એમ બે આગવા મુખ્ય પ્રવાહો વિશે પ્રકાશ પાડશે. આ જ રીતે ડિજિટલ ઈકોનોમીના મુદ્દા સાથે સંકળાવવાથી ડિજિટલ લાઈફ અંગેની આપણી સમજમાં વધારો થશે અને આ સંમેલન આ પ્રકારના સંવાદ માટે યોગ્ય મંચ પુરો પાડશે.

આ કોન્ફરન્સમાં વૈશ્વિક અને સ્થાનિક સ્તરના પરિબળોના માધ્યમથી ડિજિટલ ક્ષેત્રે કમ્યુનિકેશનમાં કઈ રીતે વિકાસ થઈ રહ્યો છે તેના પર ચર્ચા હાથ ધરાશે. પ્રો. શ્રીકુમારે જણાવ્યું હતું કે આ કોન્ફરન્સમાં વિશ્વના વિવિધ ખૂણેથી ભાગ લેનારા વિદ્વાનો તથા પ્રોફેશ્નલ્સ ભાવિ બોધપાઠ પર ભાર મુકી ડિજિટલ યુગના લાભ અને તેની મર્યાદાઓ અંગે પોતાના મંતવ્યો રજૂ કરશે. જેને પરિણામે જિડિટલ યુગ અંગેની આપણી વર્તમાન સમજમાં નોંધપાત્ર વધારો થવાની સાથે સાથે જ ભાવિ તકો અને મર્યાદાઓનું વિશ્લેષણ કરવાની પૃષ્ઠભૂમિ પણ તૈયાર થશે. વિચારો અને મંતવ્યોની વૈવિધ્યતા એ આ સંમેલનનું મુખ્ય આકર્ષણ બની રહેશે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા કિસાન સભાની કારોબારી બેઠક શામળાજી ખાતે મળશે

### કપાસ-મગફળીના ટેકાના ભાવ ન મળતા ખેડૂતો બરબાદીના આરે : જમીન સંપાદનના વટહૂકમનો વિરોધ કરવા હાકલ

હિંમતનગર, તા. ૧૧

અખિલ ભારતીય કિસાન સભાની સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સમિતિના મંત્રી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે કે કપાસના ભાવો જે ગત વર્ષ-૨૦૧૩-૧૪માં જે ૨૦ કિલોના રૂ. ૧૨૦૦ હતા તે વર્ષ ૨૦૧૪-૧૫માં ઘટીને માત્ર રૂ. ૭૦૦-૭૫૦ થઈ જવા પામ્યા છે. આ સામે ખાતર, બિયારણ, વીજળી, જંતુનાશક દવાઓ ઉપરાંત સિંચાઈના ભાવો પણ લગભગ બમણા થઈ ગયા છે. આ પરિસ્થિતિમાં ટેકાના ભાવો પણ ઘટવાથી ખૂેતો પાયમાલ થઈ રહ્યા છે. અને દેવાદાર થવાથી આપઘાત કરવા તરફ વળી રહ્યાં છે અને ગુજરાત સરકારના પેટનું પાણી પણ હલતુ નથી.

ગત ડિસેમ્બર માસમાં રાજકોટ ખાતે કિસાનસંઘ સિવાયના સંગઠનો દ્વારા ખેડૂતોનું વિશાળ સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં કિસાનોએ ટેકાના ભાવ વધારવાના મુદ્દે સંયુક્ત આંદોલને ટેકો આપ્યો હતો. તેમજ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આંદોલન કરવાનો નિર્ધાર પણ કર્યો હતો. આ અંગે બંને જિલ્લાઓની કારોબારીની બેઠક શામળાજી ખાતે ૧૪મી ફેબ્રુઆરીએ યોજાવાની છે તેમાં ટેકાના ભાવો માટે લડતનો કાર્યક્રમ જાહેર કરવામાં આવનાર છે. કિસાન સભા દ્વારા આ લડતમાં જોડાવા પ્રગતિશીલ ખેડૂતો અને સંગઠનોને હાકલ કરવામાં આવી છે. તાજેતરમાં ભાજપ સરકારે ખેડૂતની જમીન ગમે તે સંપાદન કરી શકે તેવો વટહૂકમ બહાર પાડ્યો છે જેની પણ અખિલ ભારત કિસાન સભાએ નિંદા કરી છે અને આ મામલે પણ ખેડૂતોને એક થઈ વિરોધ કરવા હાકલ કરી છે. જમીન સંપાદનના કેન્દ્ર સરકારના વટહૂકમને કારણે મોટી મોટી કંપનીઓ, ઔદ્યોગિક ગૃહો, વિદેશી કંપનીઓ વગેરે રોકટોક વગર સિંચાઈની જમીન સીઝનમાં બે-ત્રણ પાક આપતી જમીન, ખરાબાની જમીન અને વરસાદ આધારિત જમીન સંપાદન સરળતાથી કરી શકશે. આ ક્રૂર અને સરમુખ્યતારી વયહુકમના વિરોધમાં ખેડૂતોએ એક થઈ અવાજ ઉઠાવવાની તાતી જરૂર છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)


ડીસાના નેશનલ હાઈવે રોડ પર પુરઝડપે પસાર થઈ રહેલી લકઝરી બસે બાઈકને ૧૦૦ મીટર જેટલું ઘસેડતા તેમાં આગ લાગી સળગી ગયું હતું. જ્યારે બાઈક ચાલક દુર ફંગોળાઈ જતા તેનો ચમત્કારીક બચાવ થઈ ગયો હતો. કહેવત છે કે રામ રાખે તેને કોણ ચાખે તે કહેવત બુધવારે ડીસા હાઈવે વિસ્તારમાં સાર્થક થઈ હતી. થરાદ તાલુકાના ખેંગાપુરા ગામના જયદીશભાઈ ગજાભાઈ પટેલ પોતાના બાઈક (નં. જીજે ૮ એજી ૫૧૫૮) પર પોતાના ગામથી ડીસા આવી રહ્યા હતા. બપોરના સુમારે તેઓ રિલાયન્સ પેટ્રોલ પંપ પર નજીકના વિશ્વકર્મા મંદિર આગળ પસાર થઈ રહ્યા હતા. કોઈ કારણસર બાઈક સ્લીપ ખાઈ ગયું હતું. જો કે આ સમયે પાછળથી પુરઝડપે આવી રહેલી અને બાડમેરથી પાલનપુર જવા નિકળી રહેલી લકઝરી બસ (આર.જે. ૦૪ પી.એ. ૩૪૫૯)ના ચાલકે પડેલા બાઈક પર પોતાની લકઝરી ચડાવી દીધી હતી. જો કે બાઈક ચાલક જગદીશભાઈ પટેલ આ વખતે દુર ફંગોળાઈ જતા તેમનો ચમત્કારીક બચાવ થઈ ગયો હતો. જ્યારે લકઝરી બસે બાઈકને ૧૦૦ મીટર ઘસેડતા બાઈકમાં આગ લાગી ગઈ હતી. આ ઘટનાથી લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. લકઝરી ચાલકને પકડી લઈ પોલીસને સોપવાની તજવીજ હાથ ધરી હતી. જ્યારે જગદીશભાઈ પટેલની આવી દુર્ઘટના વચ્ચે સામાન્ય માત્ર સામાન્ય ઈજાઓ થતાં જ પ્રભુનો પાડ માન્યો હતો.

## દૂષણોનો અડ્ડો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નથી! જોખમી આવાસોના મીટર બોર્ડ પણ ખુલ્લા છે. જેના પરિણામે અકસ્માત થવાની પણ સંભાવના છે. આવાસો અસામાજિક પ્રવૃત્તિઓનો અડ્ડો બન્યા છે. આમ છતાં તંત્ર કક્ષાએથી કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. બિન ઉપયોગી આવાસોનો હાલ શ્રમજીવીઓ અને કેટલાક તત્ત્વો બિન્દાસ્ત રીતે દૂર ઉપયોગ કરી રહ્યા છે. આ આવાસોના વિસ્તારમાં ગંદકીના ઢગ ખડકાયા છે. સ્વચ્છ ભારતના અભિયાન દરમિયાન સરકારી મકાનોમાં જ ગંદકીની સાથે દૂષણો પાંગરી રહ્યા છે છતાં તંત્રના અધિકારીઓની આંખ ખુલતી નથી.

## શબ્દાવલી - ૫૬૪૨



### આડી ચાવી

૧. કાગળ-કાપડ વગેરે કાપતા પડતો કચરો (૪)
૩. સો, ૧૦૦ (૨)
૫. એક મોટું ફળ (૪)
૭. મજૂરી, શ્રમ (૪)
૮. રક્ષણ, રાખડી (૨)
૯. અવાજ, બોલ, વાણી (૩)
૧૦. ગળુ, ગરદન (૨)
૧૨. કવિ, શાયરી કરનાર (૩)
૧૪. સાજુસમુ, હયાત (૩)
૧૫. નાડી, નસ (૨)
૧૬. બેસવાની ગાદલી (૩)
૧૮. ભવિષ્ય કથન (૪)

### ઊભી ચાવી

૧. જીર્ણજવરને કારણે શરીરમાં થતો દુખાવો (૪)
૨. દયા, કૃપા (૩)
૩. શર્ત (૩)
૪. છાવણી (૨)
૫. શરીર (૨)
૬. ચર્ચા, વાતની ઉહાપોહ(૪)
૯. કોમ્પ્યુટરનો રોગ (૪)
૧૦. વૃદ્ધ, ઘરડા કાકા (૨)
૧૧. એક પક્ષી, પંખી (૪)
૧૩. હસવા જેવું કાર્ય (૩)
૧૬. કપડાં ધોવાનો કિનારો, ઘાટ (૨)
૧૭. સરિતા (૨)

### શબ્દાવલી ૫૬૪૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિરાટ (૪) વિદિત (૬) માસ (૭) માખી (૯) ફાયર (૧૦) લત (૧૨) ગણ (૧૪) લાકડી (૧૬) ભાવ (૧૭) વડી (૧૮) સુખડ (૧૯) યોગ (૨૧) કાતરી (૨૨) દૂર (૨૪) મળી (૨૫) આવડત

**ઊભી ચાવી :-** (૧) રામાયણ (૩) ટસર (૪) વિરલ (૫) તમા (૮) ખીચડી (૯) ફાગણ (૧૧) તલાવ (૧૩) વાવડ (૧૫) કડીયો (૧૬) ભાખરી (૧૮) સુતળી (૨૦) ગણિત (૨૧) કામ (૨૨) દુઆ (૨૩) રવ

## સ્વાઈન ફ્લુનો આતંક

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સેંકડો દર્દી સારવાર હેઠળ હોવાની માહિતી મળી રહી છે. સ્વાઈન ફલુને લઈને સામાન્ય લોકોમાં પણ સતત ભય જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા પગલા લેવાયાની વાત થઈ રહી હોવા છતાં કેસો હજુપણ સતત વધી રહ્યા છે અને મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે. રાજયમાં સ્વાઈન ફલુ રોગના અટકાયત-સારવારના વ્યવસ્થાપન માટે રાજય સરકારે સઘન આયોજન કર્યું છે. મુખ્યસચિવના અધ્યક્ષસ્થાને યોજાયેલ વીડિયો કોન્ફરન્સમાં તમામ જિલ્લાનાં કલેકટરઓને સર્વેલન્સ કામગીરીને વધુ સઘન કરવા જરૂરી સૂચનોઓ આપવામાં આવી છે તેમ આરોગ્ય કમિશનરની યોદીમાં જણાવાયું છે. સ્વાઈન ફલુ રોગના અટકાયત માટે રાજયભરમાં ૩૧૭૬ મેડીકલ ટીમ દ્વારા ૩,૮૪,૨૦૪ ઘરોની મુલાકાત લેવામાં આવી છે અને ૧૭,૫૧,૩૩૩ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે. આ પૈકી ૨૫,૯૪૪ વ્યકિતઓને સ્થળ પર સારવાર આપવામાં આવી છે. ૧૦૬ વ્યકિતઓને એન્ટી વાયરલની સારવાર તેમજ ૮૧ વ્યકિતઓને સારવાર-નિદાન માટે સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે. સ્વાઈન ફલુ રોગથી સૌથી વધુ અસરગ્રસ્ત એવા કચ્છ જિલ્લામાં આરોગ્ય તંત્ર દ્વારા સઘન સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવાઈ છે. જેમાં ૫૯૪ ટીમો દ્વારા ૭૯,૬૩૪ ઘરોમાં ૨,૯૭,૪૩૦ વ્યકિતઓનો સર્વે કરવામાં આવ્યો છે, આ પૈકી ૭૦૧૨ વ્યકિતઓને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે, તથા ૨૮ વ્યકિતઓને ઓઝેલ્ટામીવર ટેબ્લેટ્સ આપવામાં આવ્યા છે. જ્યારે ૩૧ દર્દીઓમાં રોગના લક્ષણો જણાતા તેઓને વધુ સારવાર અને નિદાન માટે હોસ્પિટલમાં રીફર કરાયા છે. રાજયમાં સ્વાઈન ફલુ રોગની પરિસ્થિતિને ધ્યાને લઈને આરોગ્ય વિભાગના તમામ અધિકારી-કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે અને રજા પર ગયેલ તમામ અધિકારી-કર્મચારીઓને પરત કરવાના આદેશો કરાયા હોવાનું યાદીમાં વધુમાં જણાવાયું છે.


### જાહેર નિવિદા

આ કચેરીનું જુનું ફર્નિચર, ભંગાર, જુના ટાયર, જુના ગાડીના સ્પેરપાર્ટસ, જુના એ.સી. તેમજ અન્ય વસ્તુઓ હાલમાં જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં નિકાલ અંગેનું ટેન્ડર ફોર્મ કચેરીમાંથી મેળવી લેવાનું રહેશે. તા. ૧૮/૨/૨૦૧૫ના રોજ ૧૫-૩૦ કલાકે સુધીમાં ઓફર ભાવો બંધ કવરમાં મંગાવવામાં આવે છે અને તે જ દિવસે કચેરીમાં ૧૭-૦૦ કલાકે ટેન્ડરો ખોલવામાં આવશે. સમય મર્યાદા બાદ મળેલ ભાવો ધ્યાને લેવામાં આવશે નહિ.

**કચેરીનું સરનામું**
**ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,**
**બ્લોક નં.૧૧, બીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન,**
**સેક્ટર-૧૦, ગાંધીનગર**

માહિતી/૨૩૯૦/૨૦૧૪-૧૫

### ટચૂકડી જાહેર ખબર

**LIC'S (NPS)**
૧૨,૦૦૦, ૧૫,૦૦૦, ૨૦,૦૦૦ માસિક પેન્શન આજીવન, ૩૦ લાખથી વધુ વીમા કવચ આજીવન, માત્ર રૂ. ૬૦/-, ૧૨૦/-, ૨૪૦/-રોજની બચત
**મો. : ૯૪૨૬૧ ૭૧૯૫૮**

**તાત્કાલિક ફ્લેટ વેચવાનો છે**
2BHK, ગ્રાઉન્ડ ફ્લોર, હરિનંદ ફ્લેટ, સે.૨૮,
**ફોન : ૨૩૨૧૧૦૬૪**
**મો. ૭૫૭૫૦ ૩૨૪૦૦**

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧